CHARITABLE FOUNDATION
AN INITIATIVE TO CREATE A COMMUNITY OF 'RISHEY'

# ચિત્ત THE CONSCIOUS BEING

FEB 2025

## સંપાદકીય

એક શિક્ષકના જીવનમાં જ્ઞાન, વિજ્ઞાન અને મનોવિજ્ઞાનનું શું મહત્વ છે અને તે વિદ્યાર્થીઓના જીવનમાં કઈ રીતે ઉપયોગી થઇ શકે તે જોઈએ:

**જ્ઞાન (Knowledge):**
વિષયની ઊંડી સમજણ દ્વારા શિક્ષક વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકે.
નૈતિક મૂલ્યો, સંસ્કૃતિ અને જીવનની ઉપયોગીતા શીખવવામાં જ્ઞાન મહત્વનું છે.
શિક્ષક પોતાના અનુભવ અને અભ્યાસ દ્વારા શીખવવાની પદ્ધતિઓમાં નિપુણતા મેળવી શકે.

**વિજ્ઞાન (Science):**
શિક્ષણમાં ટેક્નોલોજી અને આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી શિક્ષણ વધુ અસરકારક બને.
તર્કશક્તિના માધ્યમથી વિદ્યાર્થીઓમાં ચિંતનશક્તિ વિકસાવવામાં મદદ મળે.
શિક્ષણમાં નવીનતા લાવી, વિદ્યાર્થીઓ માટે શીખવાની પ્રક્રિયાને વધુ રસપ્રદ અને અસરકારક બનાવી શકાય.

**મનોવિજ્ઞાન (Psychology):**
બાળકોની સંવેદનાઓ, સ્વભાવ અને શીખવાની રીતોને સમજવામાં મદદ કરે.
વ્યક્તિગત અને સામૂહિક શિક્ષણ પદ્ધતિઓને વધુ અસરકારક બનાવે.
વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને વધારવા માટે ઉપયોગી થાય.
આ રીતે, જ્ઞાન, વિજ્ઞાન અને મનોવિજ્ઞાનના સંયોજનથી શિક્ષક સફળ અને પ્રભાવશાળી બને છે.

## વાર્તા રે વાર્તા....

### પેન્સિલનો પાઠ

પેન્સિલનો પાઠ
એક શિક્ષકે એક વિદ્યાર્થીને પેન્સિલ આપી અને કહ્યું,
"આ પેન્સિલ પાંચ પાઠ શીખવે છે:
તે ભૂલો કરવાની પરવાનગી આપે છે (રબર).
અંદર શું છે તે ઘણું મહત્વનું છે (ગ્રેફાઇટ).
તે છાપ છોડી દે છે (આપણા કાર્યો).
તે તીક્ષ્ણ બને છે (પડકારો આપણને વધુ સારા બનાવે છે).
તેને માર્ગદર્શનની જરૂર છે (આપણને બધાને માર્ગદર્શકોની જરૂર છે)."

**વિદ્યાર્થીઓને શીખવીએ કે શીખવાથી, ભૂલો કરવાથી અને પડકારોમાંથી પસાર થવાથી વિકાસ થાય છે.**

### સ્ટારફિશની વાર્તા

એક દિવસ, એક માણસે એક બાળકને એક ફસાયેલી સ્ટારફિશને સમુદ્રમાં પાછી ફેંકતા જોયો. તેણે પૂછ્યું, "તું શા માટે તેની ચિંતા કરે છે? સમુદ્રમાં આવી હજારો છે; આમ કરવાથી તું એમાં કોઈ ખાસ ફરક પાડી શકશે નહિ." બાળકે બીજી સ્ટારફિશ ઉપાડી, અને તેને પણ સમુદ્રમાં ફેંકીને કહ્યું, "એ હજારોમાં કદાચ ફરક નહિ પડે પણ આ એકના જીવનમાં તો જરૂર પડશે!"

**ભલે તમે બધું બદલી ન શકો, તમારા પ્રયત્નો દરેક વિદ્યાર્થીના જીવનમાં ફરક લાવે છે.**

## એન જે ડેસ્ક પર ઈ-કન્ટેન્ટ

અધ્યયન માટેનું દિશાદર્શન અને યોગ્ય વાતાવરણનું નિર્માણ જરૂરી સૂચનો દ્વારા વિદ્યાર્થીઓને જાતે શીખતાં કરવું એ એક ઉદ્દેશ છે.



- જાન્યુઆરી માસમાં આપેલ વિષયવસ્તુ એન જે ડેસ્ક પર અપલોડ કરવામાં આવ્યું છે.

### સમગ્ર અધ્યયન સામગ્રીની ઝલક નીચે દર્શાવી છે:

| Subject | Video Count | Timing |
|---|---|---|
| ENGLISH | 23 | 01:43:35 |
| MATHS | 29 | 02:40:30 |
| SS | 26 | 01:30:05 |
| THE VEDA | 80 | 05:36:12 |
| SCIENCE AND TECHNOLOGY | 40 | 03:15:26 |
| **Grand Total** | **198** | **14:45:48** |

આ વિડીયો બનાવવાનું કાર્ય અવિરતપણે ચાલતું જ રહે છે, જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને મદદરૂપ થઇ શકાય અનેક વિદ્યાર્થીઓ પોતાની ઝડપે, પોતાના સમયે શીખતાં રહે.

## મનને ગમતાં સમાચાર

### એમેઝોન દ્વારા મહિલા વિદ્યાર્થીઓ માટે ₹2 લાખ પ્રતિ વિદ્યાર્થીની 500 શિષ્યવૃત્તિઓની જાહેરાત

એમેઝોને તેના એમેઝોન ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામ હેઠળ એક મહત્વપૂર્ણ પહેલની જાહેરાત કરી છે, જેમાં કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ અથવા સંબંધિત ક્ષેત્રોમાં અંડરગ્રેજ્યુએટ ડિગ્રી મેળવતી મહિલા વિદ્યાર્થીઓને ₹2 લાખની 500 મેરિટ-આધારિત શિષ્યવૃત્તિ ઓફર કરવામાં આવશે. આ પહેલનો ઉદ્દેશ્ય ટેકનોલોજી ક્ષેત્રમાં લિંગ તફાવતને દૂર કરવાનો અને ભવિષ્ય માટે તૈયાર કૌશલ્યો સાથે યુવા મહિલાઓને સશક્ત બનાવવાનો છે.

2021 માં શરૂ કરાયેલ, એમેઝોન ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામ એ બાળપણથી કારકિર્દી સુધીની એક વ્યાપક પહેલ છે જે ગરીબ અને ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા સમુદાયોના વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર વિજ્ઞાન શિક્ષણની પહોંચ વધારવા માટે રચાયેલ છે. આ કાર્યક્રમ પહેલાથી જ 8 ભારતીય રાજ્યોના 272 જિલ્લાઓમાં 30 લાખ સરકારી શાળાના વિદ્યાર્થીઓ અને 20,000 થી વધુ શિક્ષકોને તાલીમ આપી ચૂક્યો છે.



## વાંચવું ગમશે...



1. **A Letter to My Teacher**
   - Deborah Hopkinson
2. **You Owe You**
   - Eric Thomas

## એક ચપટી પ્રેરણા

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥

**- In this world, there is nothing so purifying as knowledge. One who has attained perfection in yoga, finds it within himself in due course of time.**

